**New Announcement about PostMatric Scholarship (SC/ST/OBC)**

# For Students (2017-18)

ગત વર્ષ ૨૦૧૭-૧૮માં જે વિદ્યાર્થીઓએ **Digital Gujarat Portal** પર **SC/ST/OBC** ખાતાની જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓમાં ઓનલાઇન ફોર્મ ભરેલ હતુ અને કોઇ કારણોસર શાળા/કોલેજ/જિલ્લા કક્ષાએથી આ ફોર્મમાં **Query** કરી પરત કરવામાં આવેલ હતુ તેવા વિદ્યાર્થીઓ પોતાના ફોર્મમાં જરૂરી પૂર્તતા કરીને તા:૨૦/૦૭/૨૦૧૮ સુધી સબમીટ કરી શકશે. આ છેલ્લી તક હોય તમામ વિદ્યાર્થીઓને **Query** વાળા ફોર્મમાં જે **Query** માંગેલ હોય તે પુરી કરી તાત્કાલિક પરત કરવા જણાવવામાં આવે છે.

ઓનલાઇન ફોર્મ સબમીટ થઇ ગયા બાદ ફોર્મની પ્રિન્ટ લઇ તમામ સાધનિક કાગળો સહિતનુ ફોર્મ ફરી સંબધિત શાળા/કોલેજ/સંસ્થાને તાત્કાલિક તા:૨૦/૦૭/૨૦૧૮ સુધીમાં આપવાનુ રહેશે.

નવા કોઇ વિદ્યાર્થીઓ આ મુદ્દત વધવાથી અરજી કરી શકશે નહિ જેની નોંધ લેશો. વધુમાં જે વિદ્યાર્થીઓએ એક પણ વખત ઓનલાઇન ફોર્મ શાળા/કોલેજ/સંસ્થાને સબમીટ કરેલ ન હતુ તેવા વિદ્યાર્થીઓ પણ ઓનલાઇન ફોર્મ સબમીટ કરી શકશે નહિ.

આ મુદ્દત માત્ર વર્ષ ૨૦૧૭-૧૮ના વિદ્યાર્થીઓ માટે અરજી ફોર્મની ક્ષતિ પૂર્તતા તેમજ શૈક્ષણિક સંસ્થા લેવલે પડેલ પેન્ડીંગ અરજીઓના નિકાલ કરવા માટે જ વધારવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માટે હાલ કોઇ વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ એપ્લાય કરવાનુ નથી. નવી જાહેરાત આવ્યે થી વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષ માટે ઓનલાઇન એપ્લાય કરવાનુ રહેશે.

**New Announcement For PostMatric (SC/ST/OBC)**
**For School/College/Institutes (For Year 2017-18 Only)**

૧. ગત વર્ષ:૨૦૧૭-૧૮ની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિની કામગીરીને પૂર્ણ કરવા જ્યારે શાળા/કોલેજ/સંસ્થા લોગીન કરે ત્યારે વર્ષ ૨૦૧૭-૧૮ સીલેક્ટ કરી કામગીરી કરાવાની રહેશે.

૨. પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત શાળા/કોલેજ/સંસ્થાઓએ વિદ્યાર્થીઓએ કરેલ **Online** અરજીઓની હાર્ડકોપી સાધનિક કાગળો સહિત વિદ્યાર્થીઓ પાસેથી તાત્કાલિક મેળવી તેની ચકાસણી કરી શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં **Pending Application** માંથી **Online** ફોરવર્ડ કરી તાત્કાલિક **Higher Authority**ને મોકલી આપવાની રહેશે. સમયમર્યાદા વધારવાના કારણે જે અરજીઓ હવે શાળા/કોલેજ/સંસ્થામાં આવે તે અરજીઓ સહિતની બધી અરજીઓ મોડામાં મોડા તા:૩૧/૦૭/૨૦૧૮ સુધીમાં સબંધિત કચેરીને મોકલી આપવાની રહેશે. જો તા:૩૧/૦૭/૨૦૧૮ પહેલા તમામ ઓનલાઇન અરજીઓ મળી જાય તો શૈક્ષણિક સંસ્થાઓએ તા:૩૧/૦૭/૨૦૧૮ની રાહ ન જોતા હાર્ડકોપી સહિતની દરખાસ્તો સંબધિત કચેરીને મોકલી આપવાની રહેશે.

૩. સંબધિત **SC/ST/OBC** કચેરી દ્વારા **Return** કરેલ અરજીઓ વિદ્યાર્થીઓને **Online** પરત કરી વિદ્યાર્થીઓની અરજીમાં પૂર્તતા કરાવી પુન: શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં મેળવી ઉપર (૧) મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૪. **Online** ફોરવર્ડ કરેલ અરજીઓની હાર્ડકોપી સંબધિત જિલ્લા કચેરીને તાત્કાલિક મોકલી આપવાની રહેશે.

૫. અધુરા ડોક્યુમેન્ટ **Upload** કરેલ હોય તેવા વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજીઓ શાળા/કોલેજ/સંસ્થા કક્ષાએથી જ પૂર્તતા કરાવી લેવાની રહેશે અને ફરજીયાત હોય તેવા તમામ ડોક્યુમેન્ટ **Upload** કરાવી લેવાના રહેશે. તમામ ડોક્યુમેન્ટ **Upload** થઇ જાય ત્યારબાદ હાયર ઓથોરીટીને અરજીઓ સેન્ડ કરવાની રહેશે

૬. કોઇ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહી જશે તો અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે જેની નોંધ લેશો.

**For Pre-Matric (For Year 2017-18 Only)**

૧. ગત વર્ષ:૨૦૧૭-૧૮ની પ્રિમેટ્રીક શિષ્યવૃતિની કામગીરીને પૂર્ણ કરવા જ્યારે શાળા/સંસ્થા લોગીન કરે ત્યારે વર્ષ ૨૦૧૭-૧૮ સીલેક્ટ કરી કામગીરી કરાવાની રહેશે.

૨. પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮ માટે જે પ્રાથમિક/માધ્યમિક શાળાઓની દરખાસ્તો બનાવવાની રહી ગયેલ છે કે સેન્ડ કરવાની રહી ગયેલ છે તે તમામ શાળાઓને પણ તા: ૩૧/૦૭/૨૦૧૮ પહેલા તમામ કામગીરી પૂર્ણ કરી દરખાસ્તો ઓનલાઇન ફોરવર્ડ કરવા જણાવવામાં આવે છે. આ છેલ્લી તક હોય તમામ કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

૩. વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ, આઇ.એફ.એસ.સી કોર્ડની વિગતો નાખતી વખતે પાસબુક સાથે **Match** કરીને જ નાખવા ખાસ સૂચના આપવામાં આવે છે.

૪. કોઇ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહી જશે તો અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે જેની નોંધ લેશો.